**૩૦/૦૬/૨૦૨૧**

**પ્રતિ,**
**શ્રી અમરજીતસિંહ,**
**ચેરમનેશ્રી,**
**ગુજ.રેરા, ગાંધીનગર**

**વિષય : પ્રોજેકટ કમ્પલીશનની મુદતમાં છ માસની મુદતનો પુનઃવધારો કરી આપવા બાબત...**

માનનીયશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, પ્રવર્તમાન સંજાગોમાં કોવિડ-૧૯ મહામારી ચાલી રહેલ છે તેના લીધે જનમાનસ પર ભય જન્મે તેવું વાતાવરણ સર્જાયુ છે અને લાકો સતત ડરમાં જીવી રહ્યાં છે. આપણા વિકાસ પામતાં ગુજરાત રાજયમાં બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલ શ્રમયોગીઓ અન્ય રાજયો જેવા કે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર વિગેરે પરપ્રાંતથી આવતા હોય છે. સામાન્ય રીતે હોળી જેવા તહેવાર નિમિત્તે શ્રમયોગીઓ પોતાના વતન તરફ જતા હોય છે. પરંતુ કોવિડ-૧૯ની બીજી લહેરના કારણે સમગ્ર ભારતભરમાં ડર અને ભયનું વાતાવરણ સર્જાતા મોટાભાગનાં શ્રમયોગીઓ વતનથી કામનાં સ્થળે પરત ફર્યા નથી તથા રાજસ્થાન જેવાં રાજયોમાં લોકડાઉન હોવાના કારણે પરત આવી શકયા નથી અને તેઓ પાછા કયારે પરત ફરશે તે પણ ચોક્કસ ખાત્રીપૂર્વક કહી શકાય તેમ નથી. આથી શ્રમયોગીઓના અભાવના કારણે સમગ્ર બાંધકામ વ્યવસાયની ગતિવિધીઓ ખોરંભે પડી છે અને રાજયમાં મોટાભાગની બાંધકામ સાઇટો ઉપર શ્રમયોગીઓના અભાવના કારણે કામ આગળ વધી શકતુ નથી તેનાથી આપશ્રી અવગત છો.

આ પરિસ્થિતિમાં બાંધકામ વ્યવસાયકારો દ્વારા પ્રોજેકટ કમ્પલીશન માટે જે નિયત સમય નક્કી થયો હતો તે શ્રમયોગીઓના અભાવનાં કારણે સમયસર કામ પૂર્ણ થાય તે હવે કોઇકાળે શકય બને તેવી હાલની સ્થિતિ નથી.

આથી આપશ્રીને વિનંતિ કે પ્રવર્તમાન સમયમાં કોવિડ-૧૯ની મહામારી ચાલતી હોય રેરા એકટ અંતર્ગત રજીસ્ટર્ડ પ્રોજેકટને પુર્ણ કરવા માટેની અવધિમાં ૦૭ માસનો પુનઃ વધારો આપવા અરજ છે. જે રીતે આપશ્રીએ આ અગાઉ પ્રોજેકટ કમ્પલીશનની મુદતમાં વધારો કરેલ તે જ રીતે હાલની પરિસ્થિતિને અનુલક્ષીને ૦૭ માસ માટે પુનઃ વધારો કરી આપવા નમ્ર વિનંતિ છે.

આપના સહકારની અપેક્ષાએ આભાર સહ...

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |

**નકલ રવાનાઃ**

**૧.** શ્રી વિજયભાઇ રૂપાણી, માન.મુખ્યમંત્રીશ્રી અને માન.મંત્રીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, ત્રીજો માળ, સેકટર-૧૦, નવા સચિવાલય, ગાંધીનગર.

**૨.** શ્રી નિતિનભાઇ પટેલ, માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અને માન.મંત્રીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સેકટર-૧૦, નવા સચિવાલય, ગાંધીનગર.

**૩.** પ્રમુખશ્રી, ક્રેડાઇ-ગુજરાત, બી/૮૦૧-૮૦૨, સોલીટેર કોર્પોરેટ પાર્ક, દિવ્ય ભાસ્કર પાસે, એસ.જી. હાઇ-વે, અમદાવાદ.